જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૫/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૫૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૫૪/૨૦૨૬**

આનંદનગરઃ ચંદપ્રિતસિંગ રણજીતસિંગ અલુવાલીયા (ઉ.વ.૬૧) (રહે. સરદાર પટેલ નગર શાસ્ત્રીનગર ચાર રસ્તા નારણપુરા ટેલીફોન એક્ષસેન્જ પાસે) એ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી તમન્ના ટ્રેડર્સના માલીક (૧) રઈઝખાન ઉસ્માનખાન (ઠે. સર્વે નં.૫૬, ઘર નં.૩૮૯, ગલી નં.૯, નિહાલનગર, માલેગાવ, જી.નાસીક, મહારાષ્ટ્ર) તથા હારૂન શેખ ટ્રેડર્સના માલીક (૨) શેખ હારુન (ઠે.૪૩, પ્લોટ નં.૬૨, સાહીદ અબહમીદ રોડ, ગણેશનગર, માલેગાવ નાસીક મહારાષ્ટ્ર) નાઓએ ભેગા મળી માલ સપ્લાય કરવાના, ટ્રકના ઈન્વોઈસના, ડ્રાઈવર, તથા વજન ચિઠ્ઠી વગેરેના ફોટા મોકલી વિશ્વાસમાં લઈ, માલ સપ્લાઈ નહી માલના રૂપિયા ૩૭,૮૪,૬૯૮/– મેળવી લઈ કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પાંડોર ચલાવે છે.

ખોખરાઃ ધવલ સ/ઓ કીરીટભાઈ કાયસ્થ (ઉ.વ.૩૯) (રહે. શંકરપાર્ક સોસાયટી મ્યુનિસિપાલિટી માર્કેટ પાસે ખોખરા મણીનગર પુર્વ) એ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ધવલ કાયસ્થ પોતાના મોબાઈલ ફોનમાં ફેસબુક જોતા હતા ત્યારે ફેસબુક પેજ પર “રૂપિયા ૧૦/– માં ૫૦૦ ગ્રામ ઘી” ની જાહેરાત જોતા, જે ઓફર પર ક્લિક કરતા ધવલ કાયસ્થના ક્રેડિટકાર્ડ માંથી અજાણી વ્યક્તિએ કુલ રૂપિયા ૯૯,૯૯૯/– ઓનલાઇન વપરાશ કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.પી.સાવલીયા ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ આસિફ હનીફભાઇ છિપા (ઉ.વ.૪૫) (રહે. કાદરી રેસીડેન્સી હાજીબીબીનો ટેકરો કેલાવડી મસ્જીદની બાજુમાં જમાલપુર) એ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ આસિફ છિપા નાઓએ સોશીયલ મીડીયાનાં માધ્યમ દ્વારા ચાઇનાથી માલસામાન ખરીદવા માટે મોબાઇલ નંબર ૯૬૩૮૩૮૩૧૩૧ ના ધારક કુનાલ નામનાં વ્યક્તીનો સંપર્ક કર્યો હતો. જેને માલ–સામાન મોકલી આપવાની વાત કરી આસિફ છિપા પાસેથી માલ–સામાન પેટે તેઓના ખાતમાં રૂપિયા ૩,૭૦,૦૦૦/– ઓનલાઈન મેળવી લઈ માલ નહી મોકલી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.ઝાલા ચલાવે છે.

સેટેલાઈટઃ હેતલબહેન વા/ઓ કલ્પીતભાઈ પટેલ (ઉ.વ.૪૫) (રહે. સોમેસ્વર રો–હાઉસ સ્ટાર બઝાર પાસે સેટેલાઈટ) એ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન TPEG International LLC કંપની ના ડાયરેક્ટર એ હેતલબહેન પટેલ નાઓની કંપનીને વિદેશી ગ્રાહકો જોડી આપી વેપારમાં વધારો કરી આપવાના બહાને હેતલબહેન પટેલ પાસેથી રૂપિયા ૧,૫૯,૦૦૦/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

સરદારનગરઃ સુરેશભાઈ દેવજીભાઈ કટારીયા (ઉ.વ.૫૧) (રહે. ઘનશ્યામનગર નોબલનગર) એ તા.૨૯/૦૨/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી કલાક ૦૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુરેશભાઈ કટારીયા નાઓનો મોબાઈલ ફોન હેક કરી ગુગલ પે દ્વારા અલગ–અલગ બેંક ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦ /– ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૭૫૫/૨૦૨૬**

શાહીબાગઃ વેલચંદ વંશરાજ જૈન (ઉ.વ.૬૭) (રહે. કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પિટલ, શાહીબાગ) તા.૨૯/૦૫/૨૦૨૬ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ જય પ્રેમ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ વેલચંદ જૈનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વેલચંદ જૈન એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૭૫૬/૨૦૨૬**

કાગડાપીઠઃ બ્રહ્માનંદ શીવરામ શર્મા (ઉ.વ.૫૯) (રહે. ભાગ્યલક્ષ્મી ટાઉનશોપ કમલાનગર પાસે આજવા રોડ વડોદરા) એ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૬ કલાક ૦૭/૩૦ વાગ્યાના સુમારે ગીતા મંદીર બસ સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર–૧૨ ખાતે જી.એસ.આર.ટી. વોલ્વો બસમાંથી અજાણી વ્યક્તિએ બ્રહ્માનંદ શર્માના પત્ની પાસેના પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૪૬,૦૦૦/– મતાના હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.પટેલ ચલાવે છે.

ખાડીયાઃ વિક્રમસિંહ અજયસિંહ રાજપુત (ઉ.વ.૨૪) (રહે.ગોકુલધામ સોસાયટી, પરિમલ હોસ્પિટલ પાછળ, મોટેરા સ્ટેડીયમ રોડ, મોટેરા) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૬ બપોરના ૦૧/૧૫ થી કલાક ૦૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એમ.જી.હવેલી રોડ, સોનીની ખડકી નજીક માસ્ટર ચેઈન નામની દુકાન આગળ એક અજાણ્યા પુરૂષે વિક્રમસિંહ રાજપુતની સ્કુલબેગમાંથી ૫૦૦ ના દરની નોટના ૫ બંડલની ૨ રીમ રૂપિયા ૫,૦૦,૦૦૦/– તથા ૧૦૦ ના દરની નોટના ૧ બંડલની રીમ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ નટવરસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૫૭/૨૦૨૬**

ઓઢવઃ ઓઢવ મનુ સાહેબ કુવાની ચાલી રોડ નંબર–૫૩ અમરકુંજ સોસાયટી, સી.એમ.સી.નજીક ભાડાના મકાનમાં રહેતા નાજુકાદેવી વા/ઓ સુનિલ (ઉ.વ.૨૯) (મુળ વતન. ૪૬૪ રાજપુતોનો વાસ નરસિંઘ બાસની નાગૌર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૬ કલાક ૯/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

ઈસનપુરઃ માન્યા ધર્મેન્દ્રભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૩) (રહે.જીવરાજ એપાર્ટમેન્ટ લોટસ સ્કુલ સામે ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૦૨૬ બપોરના ૦૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી